169-350-6-2019

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

www.gujaratuniversity.org.in

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં/આર./3557/૨૦૧૯ ૧૯-૦૬-૨૦૧૯

માનનીયશ્રી,

વંદન

નવું શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦ પ્રારંભ થયું છે. આપ સૌ નવા છાત્રોને આવકારવામાં અને સમયપત્રક મુજબ શૈક્ષણિક કાર્ય કરવામાં કાર્યરત થઈ ગયા હશો. ઉચ્ચ શિક્ષણમાં શાળા જીવનને છોડીને પ્રવેશ પામેલાં છાત્રોને મા.કુલપતિશ્રી, મા.ઉપકુલપતિશ્રી,સત્તામંડળના સૌ સભ્યો વતી શુભકામના પાઠવી રહ્યો છું. ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં નવા દાખલ થયેલા છાત્રોને પણ શુભકામના પાઠવું છું. મા.કુલપતિશ્રી, મા.ઉપકુલપતિશ્રી,સત્તામંડળના સૌ સભ્યો વતી આ પત્ર દ્વારા નવા સત્રે ગુજરાત યુનિવર્સિટીની કેટલીક અપેક્ષાઓ મોકલી રહ્યો છું.

- ગુજરાત યુનિવર્સિટીએ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે પર્યાવરણની જાળવણી માટે ૫૧,૦૦૦ જેટલાં છોડ અને વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક/સંકલ્પ રાખ્યો છે. <u>"ગ્રીન કૉલેજ કેમ્પસ", "ગ્રીન ગુજરાત યુનિવર્સિટી", "ગ્રીન અમદાવાદ", "ગ્રીન ગુજરાત"</u> એ આપણા સૌ માટે જરૂરી છે. આપણી ઉજ્જવળ આવતીકાલ આ સંકલ્પને સાકાર કરવામાં છે. આ બાબતને ધ્યાનમાં રાખી સંલગ્ન કૉલેજો/ માન્ય સંસ્થાઓ ઓછામાં ઓછા ૧૦ છોડ,વૃક્ષ વાવણી (નવાં) કરે. વૃક્ષારોપણનો કાર્યક્રમ અવશ્ય હાથ ધરે. કાર્યક્રમના ફોટા અને અહેવાલ લેખિતમાં યુનિવર્સિટીને મળે તેની પણ ચિંતા કરવાની રાખે તે જરૂરી છે. ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ કાર્ય પ્રારંભ કરી દીધું છે.
- આપની કૉલેજમાં દાખલ થયેલા પ્રથમ વર્ષના વિધાર્થી ભાઈ- બહેનોના એનરોલમેન્ટ નિયત સમય મર્યાદામાં થઈ જાય તેની પણ કાળજી રખાય.
- આપની કૉલેજમાં /ડિપાર્ટમેન્ટમાં છાત્રોની હાજરી નિયમીત રહે, હાજરી અંગે જાગૃતિ વધે, વર્ગોનું કાર્ય સુચારું ચાલે, આંતરિક ગુણાંકન માટે કૉલેજ પરીક્ષામાં મેળવવાના આવશ્યક ગુણ અંગે વિધાર્થીઓમાં જાગૃતિ વધે તેવા પ્રયાસ હાથ ધરાય તે આવશ્યક છે તેમજ આંતરિક ગુણાંકન સમયસર યુનિવર્સિટી પહોંચાડાય.

(પાછળ)

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University.
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

- આપની કોલેજમાં/સંસ્થામાં/ ડિપાર્ટમેન્ટમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ૨ ઓક્ટોબર ૨૦૧૯ પહેલાં કાર્યક્રમનું પણ અચૂક આયોજન થાય. વિદ્યાર્થીઓમાં ગાંધીજીના વિચારોને આ નીમીત્તે પહોંચાડવાનો પ્રયાસ કરાય.
- આપની કોલેજના એન.એસ.એસ./એન.સી.સી, વિભાગોને સક્રિય કરી સમાજઉપયોગી/ રાષ્ટ્રને ઉપયોગી પ્રવૃત્તિઓનું સતત આયોજન હાથ ધરાય.
- આપ સૌ ગુજરાત યુનિવર્સિટીના અભિન્ન અંગ છો. આપની સુવ્યવસ્થા,સુચારું આયોજન, વિદ્યાર્થી હિતલક્ષી વ્યવસ્થા ઉચ્ચશિક્ષણ તરફના નવાં છાત્રોના અભિગમને દ્રઢ કરવામાં મહત્વના છે. ૨૦૧૯-૨૦ના શૈક્ષણિક વર્ષ વિદ્યાર્થી કલ્યાણલક્ષી, શિક્ષણ હિતલક્ષી,ગુણવત્તાલક્ષી અને ક્ષતિરહિત રહે તેવી મા.કુલપતિશ્રી ડૉ.હિમાંશુભાઈ પંડ્યા,મા.ઉપકુલપતિશ્રી ડૉ.જગદીશભાઈ ભાવસાર, ઉચ્ચસત્તામંડળના સૌ સદસ્યોની અપેક્ષા છે.

આપસૌ આ અપેક્ષા ને સાકાર કરવામાં સૌનો સહકાર લઈ પ્રયાસરત રહેશો.

કાર્યકારી કુલસચિવ
ગુજરાત યુનિવર્સિટી

નકલ રવાના:

૧) યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ વિભાગોના વડાશ્રીઓ

૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ,

૩) યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ